# શ્રી શત્રુંજય - મુકિત સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

सा विद्या या विमुक्तये

શ્રી શત્રુંજય-મુકિત સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૬

નવેમ્બર

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧) વરસાદ પડતા તરત ઉત્પન્ન થઈ જતાં દેડકા ............................ કહેવાય.
૨) આપણે જેવા કર્મ કરીએ એવું ફળ આ ભવ અને ........................ માં આપણા ને મળે છે.
૩) પંદર કર્મભૂમીઓ માં રહેલા સર્વ સાધુઓને .................... વંદન કરવામાં આવે છે.
૪) .................... ની ભાવનાને સાકાર કરવા ધર્મની આવશ્યકતા છે.
૫) કર્મ ને વખાણે, સમતા ધારણ કરે તે ......................... કહેવાય છે.
૬) શુભસંસ્કાર માં ......................... ભળે તો શુભ ભાવ અને શુભ ભવ સુલભ બને છે.
૭) જો આ મળેલા માનવ ભવને સફળ કરવો હશે તો .................... મેળવવું પડશે.
૮) નેમિનાથ પ્રભુ પાંચમાં ભવમાં ........................... હતા.
૯) થાકેલા મુસાફર નો વિસામો જેમ ઘેઘુર વડલો છે તેમ ભવ મુસાફર નો વિસામો .................... છે.
૧૦) ........................ ગુણને જીવનમાં સ્વીકારી અનાદિની હારની બાજીને જીતમાં પલટાવી દઈએ.
૧૧) ........................ ના આકારનાં માછલાં જોઈને અન્ય જલચર પ્રાણીઓ સમ્યગ્ દર્શન પામી શકે.
૧૨) સમ્યક્ પ્રકારે પાપરહિત વચન બોલવા તે ....................... છે.
૧૩) કર્ણ કંટક વાણી સુણી ને પણ મૌન ધારણા કરી સમતા રાખે તે ....................... છે.
૧૪) ........................ ગુણસ્થાનક સુખકર શ્રેણી ક્ષપક મંડવાઈ.
૧૫) દર્મપ્રેમી વ્યકિત જીવનમાં સદા ....................... ડરે છે, દૂર ભાગે છે.
૧૬) ઉવસગ્ગહરં સૂત્ર માં ફળ વર્ણન પૂર્વક ....................... માંગવા માં આવ્યુ છે.
૧૭) છઠ્ઠે ભવે મરુભૂતિનો જીવ ........................ થયો.
૧૮) દાક્ષિણ્યતાથી અલંકૃત વ્યકિતને વડીલો પણ ........................ આપે છે.
૧૯) અરિષ્ટનેમી પ્રભુ ...................... પર નિર્વાણ પામ્યા.
૨૦) સુલસે .................. ની સલાહ મુજબ પિતાનો ઉપચાર કર્યો.

**પ્રશ્ન-૨ એકજ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧) ભદ્રબાહુસ્વામીના ભાઈનું નામ શું હતું ?
૨) યક્ષા સાધ્વીજીએ વંદન કરવા આવેલા શ્રાવક ને શેની પ્રેરણા આપી ?
૩) શ્રી પાર્શ્વનાથ ભગવાન બીજા ભવમાં શું હતા ?
૪) મનને અશુભ પાપકારી સાવદ્ય પ્રવૃત્તિમાંથી અટકાવવું તેને શું કહેવાય ?
૫) વિશ્વભૂતિ કોણ હતો ?
૬) સમ્યગ્ પ્રકારના ઉપયોગ સહિત પ્રવૃતિ ને શું કહેવાય ?
૭) પ્રભુ એ અમારા અંતર માં કોની દિવ્ય પ્રભા ને પ્રગટ કરી ?
૮) ઐરાવત અને હિરણ્યવત ક્ષેત્રનીં વચમાં શું છે ?
૯) શ્રી પાર્શ્વપ્રભુએ કયા ભવમાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યુ ?
૧૦) દુનિયામાં કરોડોના કૌભાંડ થાય છે એની પાછળ શું કાર્યરત છે ?
૧૧) પોપટ અને મેનાનો કયા પ્રકારનાં ખેચરમાં સમાવેશ થાય છે ?
૧૨) જયવિયરાય સૂત્ર થી વીતરાગ દેવ પાસેથી સર્વ પ્રથમ શેની માગણી કરાય છે ?
૧૩) મેલ, રજ કે ઉનાળાના પરિતાપ થી પરસેવો થવાં છતાં સ્નાનની ઇચ્છા ન કરે તેને શું કહેવાય ?
૧૪) ઉરપરિસર્પ એટલે શું ?
૧૫) નેમિનાથ પ્રભુના શંખરાજાના ભવમાં રાજીમતી શું હતા ?

**પ્રશ્ન-૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) ભાસેસણા ૨) પૂઅણ ૩) તત્થ ૪) અંતરદીવા ૫) ઇર્યા ૬) એરવય ૭) પરત્યકરણં ૮) નઉલ ૯) નાહ
૧૦) નિક્ખેવણા ૧૧) વિસહર ૧૨) જઈ વિ ૧૩) અહે ૧૪) હુંતિ ૧૫) અવિગ્ઘેણં ૧૬) ખયરા ૧૭) કલાણ
૧૮) ભયવં ૧૯) ખુહા ૨૦) પન્ના

**પ્રશ્ન-૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) ક્ષમા | ૧) રૈવતક |
| ૨) અરતિ | ૨) નાગેંદ્ર |
| ૩) ચેષ્ટાનિવૃતિ | ૩) મંત્ર |
| ૪) ક્રોધ | ૪) પરિષહ |
| ૫) નવકાર | ૫) સંવર |
| ૬) સુલસ | ૬) ઉંદર |
| ૭) વિષધર કુલિંગ | ૭) દાક્ષિણ્યતા |
| ૮) શ્રી અરિષ્ટનેમિ | ૮) આશ્રવ |
| ૯) ભુજપરિસર્પ | ૯) કાયગુપ્તિ |
| ૧૦) શ્રીયક | ૧૦) પાપભીરૂતા |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) સમ્યકત્વ પ્રાપ્ત કર્યા પછી શ્રી પાર્શ્વપ્રભુનાં કેટલા ભવ થયા ?
૨) તિર્યંચ પંચેંદ્રિયનાં કુલ ભેદ કેટલાં ?
૩) અંતરદ્વીપ કેટલા છે ?
૪) આગમ માં નિર્દોષ આહાર પાણી કેટલા દોષ રહિત કહ્યા છે ?
૫) અધોલોકમાં કેટલા યોજન ઉંડાણમાં તિર્યંચ પંચેંદ્રિયના સ્થાન છે ?
૬) શ્રી પાર્શ્વનાથ પ્રભુ કેટલા શ્રમણો સાથે મોક્ષે ગયા ?
૭) સંવરતત્વમાં યતિધર્મ કેટલાં ?
૮) શ્રી નેમીનાથપ્રભુ એ કેટલાં પુરુષો સાથે દીક્ષા ગ્રહણ કરી ?
૯) જયવીયરાય સૂત્ર માં કેટલી વસ્તુ ની માંગણી કરી છે ?
૧૦) કુલ મનુષ્ય ક્ષેત્ર કેટલા ?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧) જાવંતી ચેઇઆઇ સૂત્ર થી ત્રણ લોકનાં ચૈત્યો ને વંદન કરાય છે.
૨) પ્રભુ પાર્શ્વનાથને કુંડ સરોવરના કીનારે કાયોત્સર્ગ ધ્યાનમાં લીન જોઇને એક વન હાથીને જાતિસ્મરણ જ્ઞાન થાય છે.
૩) જંબુદ્વીપના ભરત અને હિમવંત ક્ષેત્રની વચ્ચે શીખરી પર્વત છે.
૪) માતા પિતા મૃત્યુ ને પામ્યા પછી રાજા એ મરુભૂતિ ને પુરોહિત પદવી આપી.
૫) નિમિત્તિઆ એ નેમિકુમાર ના લગ્ન નું મુહુર્ત શ્રાવણ વદિ ૬ છઠ નું આપ્યુ.
૬) યુગ માત્ર ભૂમિ જોઇ ને શુદ્ધ-નિર્જીવ ભાગ માં ચાલવું ઇર્યા સમિતિ છે.
૭) પ્રભુ નું ધ્યાન ધ્યાવવા થી સકલ દ્વંદ મટી જશે.
૮) પાપભીરૂ માનવી અપયશના કલંકથી ભય પામે છે.
૯) વરાહ મિહિર કોઇ રાજા ના પુત્ર ના ભવિષ્ય કથન માં એ ખોટા પડ્યા .
૧૦) મરૂભૂતિના ચોથા ભવમાં કમઠ કુરંગ નામે ભીલ હતો.

**પ્રશ્ન-૭ નીચેનું વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) મને માનુષી સ્ત્રી ઉપર પ્રેમ નથી. મને મુક્તિ સ્ત્રી ઉપર પ્રેમ થયો છે.
૨) એ સુત્ર ચૈત્યવંદનમાં સ્તવન સ્થાને અને નવસ્મરણમાં ચોથા સ્મરણ સ્થાને ઉપયોગમાં લેવાય છે.
૩) આ જીવમાં પણ ધાર્મિક નિમિત્તો પૂર્વ ભવના સંસ્કારોના સહાયથી જીવને ઉત્થાનના માર્ગે આગળ ધપાવી શકે છે.
૪) સાધુની પ્રજ્ઞા સારી હોય તો સારું ભણે, બહુશ્રુત થાય.
૫) જીવનમાંથી પાપભીરુતા જ્યારે વિદાય લે છે ત્યારે ધીમે ધીમે જીવનમાં પાપ પ્રવૃત્તિ વધતી જાય છે.
૬) "બેટા ! હવે મને તારું ભવિષ્ય ઉજળુ દેખાતું નથી ".
૭) આવી છેતરપીંડી કરવી હોત તો આજે હું સોનાના મહેલમાં રહેતો હોત.
૮) જેમ જેમ સંવરની આરાધના થશે તેમ તેમ કર્મોનું આગમન ઓંછુ થતું જશે.
૯) સંપત્તી કરતા સદ્ગુણ વધારે કિંમતી હોય છે.
૧૦) ક્ષમાસાગર એ પ્રભુ તો સહન કરશે પણ હું સહન નહીં કરૂં .

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) સાધુવંદન સૂત્ર ૨) માઘ કવિમાં રહેલ દાક્ષિણ્યતાનો અભાવ
૩) પરિષહ એટલે શું ? પરિષહ કેટલા ? કોઇ પણ બે વિગતવાર સમજાવો.
૪) શ્રી પાર્શ્વપ્રભુનો છઠ્ઠો ભવ ૫) અશઠ એટલે શું ઉદાહરણ સહીત સમજાવો.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com